# સુરતમાં 60 હજારથી વધુ યુવાનો LRDની પરીક્ષા આપશે

**પરીક્ષાના** સફળ આયોજન માટે પોલીસ અને શિક્ષણ વિભાગની વ્યાપક તૈયારીઓ

### રાજ્યમાં 2.63 લાખથી વધુ ઉમેદવારો

ગાંધીનગર : ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા લોકરક્ષક કેડરની 12,733 જગ્યાઓ માટે આવતીકાલ 14 જૂન 2026ના રોજ રાજ્યભરમાં લેખિત પરીક્ષા યોજાનાર છે. ગુજરાત પોલીસ ભરતી બોર્ડના સૂત્રોના જણાવ્યા પ્રમાણે લોકરક્ષક કેડરની કુલ 12,733 જગ્યાઓ માટે કુલ 2,63,345 ઉમેદવારોની લેખિત પરીક્ષા આવતીકાલ 14 જુન 2026ના રોજ રાજ્યભરમાં કુલ 879 શાળાઓ -કોલેજોમાં યોજવામાં આવનાર છે.

સુરતઃ ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા લોકરક્ષક દળ (LRD)ની લેખિત પરીક્ષા રવિવાર, તા. 14 જૂન 2026ના રોજ સવારે 9:30થી 12:30 કલાક દરમિયાન યોજાશે. પરીક્ષાના સફળ, પારદર્શક અને સુચારૂ આયોજન માટે સુરત પોલીસ તથા શિક્ષણ વિભાગ દ્વારા તમામ જરૂરી વ્યવસ્થાઓ પૂર્ણ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

પરીક્ષાને ધ્યાનમાં રાખીને સમગ્ર શહેરને 5 ઝોનમાં વહેંચવામાં આવ્યું છે. પરીક્ષા માટે કુલ 87 રૂટ નક્કી કરવામાં આવ્યા છે, જ્યારે 201 પરીક્ષા કેન્દ્રમાં 2006 બ્લોકની વ્યવસ્થા કરવામાં આવી છે. આ પરીક્ષામાં કુલ 60,180 ઉમેદવાર હાજર રહેવાના છે. અધિકારીઓએ જણાવ્યું છે કે ઉમેદવારોને પરીક્ષા કેન્દ્રોમાં સવારે 7:30 વાગ્યાથી પ્રવેશ આપવામાં આવશે. જો કે, સવારે 8:30 વાગ્યા બાદ કોઈપણ ઉમેદવારને કેન્દ્રમાં પ્રવેશ આપવામાં આવશે નહીં. તેથી તમામ ઉમેદવારોને સમયસર કેન્દ્ર પર પહોંચવા ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે. પરીક્ષાની પારદર્શિતા અને સુરક્ષા જાળવવા દરેક કેન્દ્ર પર ફ્રીસ્કિંગ માટે 5 પોલીસ કોન્સ્ટેબલ તૈનાત કરવામાં આવ્યા છે, જેમાં પુરુષ ઉમેદવારોની તપાસ માટે 3 પુરુષ કોન્સ્ટેબલ અને મહિલા ઉમેદવારોની તપાસ માટે 2 મહિલા કોન્સ્ટેબલ ફરજ પર રહેશે. પરીક્ષા કેન્દ્રોની બહાર ટ્રાફિકની સમસ્યા ન સર્જાય અને ઉમેદવારોને અવરજવરમાં કોઈ મુશ્કેલી ન પડે તે માટે દરેક શાળા કેન્દ્ર પર 2 ટ્રાફિક પોલીસ કર્મચારીઓની નિમણૂક કરવામાં આવી છે.

**ભારતમાં પ્રથમ વખત બુલેટ ટ્રેન પ્રોજેક્ટની પર્વતીય ટનલ માટે 'ટનલ હૂડ્સ' રજૂ કરવામાં આવ્યા**

# બુલેટ ટ્રેનઃ ગુજરાતમાં પણ ટનલ બનશે

**બુલેટ** ટ્રેન માટે મહારાષ્ટ્રમાં 7 પર્વતીય ટનલ બનાવવામાં આવશે

**વલસાડ** જિલ્લામાં તેમજ પાલઘર વિસ્તારમાં ટનલ હૂડ્સ સ્થાપિત કરવામાં આવી રહ્યા છે

વાપીઃ મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં પર્વતીય ટનલોના પ્રવેશદ્વારો પર વલસાડ જિલ્લામાં તેમજ પાલઘર વિસ્તારમાં ટનલ હૂડ્સ સ્થાપિત કરવામાં આવી રહ્યા છે. ભારત ખાતે રેલવે ટનલ્સ માટે આ પ્રકારની ટનલ હૂડ ટેકનોલોજીનું પ્રથમ વખત ડિઝાઈનિંગ અને અમલીકરણ કરવામાં આવ્યું છે. મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન કોરિડોર પડકારજનક ભૂપ્રદેશમાંથી પસાર થાય છે અને તેમાં મહારાષ્ટ્રમાં 7 પર્વતીય



ટનલ્સ તથા ગુજરાતમાં 1 પર્વતીય ટનલનો સમાવેશ થાય છે. આ તમામ પર્વતીય ટનલ્સના બંને છેડાઓ પર ટનલ હૂડ્સની વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

### બુલેટ ટ્રેન કોરિડોર પર સ્થાપિત ટનલ હૂડ્સ શા માટે ?

» હાઈ-સ્પીડ ટ્રેન ટનલમાંથી બહાર નીકળે ત્યારે ઉત્પન્ન થતાં ટનલ બૂમ અને અવાજને ઓછો કરવો. » આસપાસના વિસ્તારો અને સ્થાનિક સમુદાયો પર થતી અસરો તથા વિક્ષેપને ઘટાડવો. » અત્યંત ઊંચી ઝડપે દોડતી ટ્રેનોના સુરક્ષિત અને કાર્યક્ષમ સંચાલનને સમર્થન આપવું. » સરળ શબ્દોમાં કહીએ તો, ટનલ હૂડ ટ્રેન અને હવાને એકબીજા સાથે અચાનક નહીં પરંતુ ધીમે ધીમે અનુકૂલન કરવામાં મદદ કરે છે, જેના કારણે હાઈ-સ્પીડ રેલ મુસાફરી વધુ શાંત, સરળ અને આરામદાયક બને છે.

## મહેસૂલ અને જમીન સરવે વિભાગના ઈશ્વરભાઈ બી.પટેલ નિવૃત્ત થયા



સુરતઃ રાજ્યના મહેસૂલ અને જમીન સરવે વિભાગમાં લાંબા સમયથી નિષ્ઠાપૂર્વક સેવા બજાવતા ઈશ્વરભાઈ બી. પટેલે કુલ 33 વર્ષ અને 4 મહિના સુધી વિવિધ મહત્ત્વપૂર્ણ હોદ્દા પર ફરજ બજાવી હાલ સુરતમાં ડી. આઈ. એલ. આર. પદથી 31 મેના રોજ સેવાનિવૃત્ત થયા છે. તેમની પ્રથમ નિમણૂક તા.6-1-1993ના રોજ જામનગર ખાતે સર્વેયર તરીકે થઈ હતી.


## દક્ષિણ ગુજરાત વિજ કંપની લિમિટેડ

DGVCL

CIN U40102GJ2003SGC042909

ધરમપુર વિભાગીય કચેરી

રાજમહેલ રોડ, ફાયર સ્ટેશનની બાજુમાં, ધરમપુર

ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ અથવા ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩

### વીજ પ્રવાહ બંધ રહેવા અંગેની જાહેરાત

આથી અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે, નીચે દર્શાવેલ સબ-સ્ટેશનમાં તથા ફીડરોમાં જરૂરી સમારકામ કરવાનું હોવાથી નીચે જણાવેલ તારીખે જે તે ફીડરો તથા સબસ્ટેશનનો વીજ પ્રવાહ બંધ રહેશે.

| ક્રમ | સબ-સ્ટેશન | ફીડર | સબ-ડિવિઝન | ફોલ્ટ સેન્ટર નં. | તારીખ/વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૬૬ કે.વી. જીરવલ | ૧૧ કે.વી. ભવનપાડા જેજીવાય . | નાનાપોંઢા | ૮૯૮૦૮૦૩૯૫૩ | ૧૫.૦૬.૨૦૨૬/ સોમવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૨ | ૬૬ કે.વી. જીરવલ | ૧૧ કે.વી.સેંદુરપાડા એજી | નાનાપોંઢા | ૮૯૮૦૮૦૩૯૫૩ | ૧૫.૦૬.૨૦૨૬/ સોમવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૩ | ૬૬ કે.વી. જીરવલ | ૧૧ કે.વી.ભંડારકચ્છ એજી | નાનાપોંઢા | ૮૯૮૦૮૦૩૯૫૩ | ૧૫.૦૬.૨૦૨૬/ સોમવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૪ | ૬૬ કેવી કપરાડા | ૧૧ કે. વી. ધામણી જેજીવાય | કપરાડા | ૭૫૬૭૦૩૫૯૯૦ | ૧૫.૦૬.૨૦૨૬/ સોમવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૫ | ૬૬ કેવી કપરાડા | ૧૧ કે. વી. ચાંદવેંગણ એજી | કપરાડા | ૭૫૬૭૦૩૫૯૯૦ | ૧૫.૦૬.૨૦૨૬/ સોમવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૬ | ૬૬ કે.વી.ધાણવેરી | ૧૧ કે.વી. તેરી ચિખલી જેજીવાય | સુથારપાડા | ૯૯૦૯૯૩૭૫૨૯ | ૧૫.૦૬.૨૦૨૬/ સોમવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૭ | ૬૬ કે.વી.ધાણવેરી | ૧૧ કે.વી. માલુંગી જેજીવાય | સુથારપાડા | ૯૯૦૯૯૩૭૫૨૯ | ૧૫.૦૬.૨૦૨૬/ સોમવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૮ | ૬૬ કે.વી. ધાણવેરી | ૧૧ કે.વી. અસલકાંટી એજી | સુથારપાડા | ૯૯૦૯૯૩૭૫૨૯ | ૧૫.૦૬.૨૦૨૬/ સોમવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૯ | ૬૬ કેવી નાની વહીયાળ | ૧૧ કેવી ઝરિયા જેજીવાય | ધરમપુર-૧ | ૮૯૮૦૮૦૩૯૫૦ | ૧૫.૦૬.૨૦૨૬/ સોમવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૧૦ | ૬૬ કેવી નાની વહીયાળ | ૧૧ કેવી ઉકતા એજી | ધરમપુર-૧ | ૮૯૮૦૮૦૩૯૫૦ | ૧૫.૦૬.૨૦૨૬/ સોમવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૧૧ | ૬૬ કે.વી. ચીવલ | ૧૧ કે.વી. વડખંભા જેજીવાય | નાનાપોંઢા | ૮૯૮૦૮૦૩૯૫૩ | ૧૬.૦૬.૨૦૨૬/ મંગળવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૧૨ | ૬૬ કે.વી. ચીવલ | ૧૧ કે.વી. ખરેડી એજી | નાનાપોંઢા | ૮૯૮૦૮૦૩૯૫૩ | ૧૬.૦૬.૨૦૨૬/ મંગળવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૧૩ | ૬૬ કે.વી. સાહુડા | ૧૧ કે.વી. કોલવેરા જેજીવાય | સુથારપાડા | ૯૯૦૯૯૩૭૫૨૯ | ૧૬.૦૬.૨૦૨૬/ મંગળવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૧૪ | ૬૬ કે.વી. સાહુડા | ૧૧ કે.વી. કરજુન એજી | સુથારપાડા | ૯૯૦૯૯૩૭૫૨૯ | ૧૬.૦૬.૨૦૨૬/ મંગળવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૧૫ | ૬૬ કેવી આંબાતલાટ | ૧૧ કેવી કાંગવી જેજીવાય | ધરમપુર-૧ | ૮૯૮૦૮૦૩૯૫૦ | ૧૬.૦૬.૨૦૨૬/ મંગળવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૧૬ | ૬૬ કેવી આંબાતલાટ | ૧૧ કેવી લૂહેરી એજી | ધરમપુર-૧ | ૮૯૮૦૮૦૩૯૫૦ | ૧૬.૦૬.૨૦૨૬/ મંગળવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૧૭ | ૬૬ કે.વી. કાકડકોપર | ૧૧ કે.વી. સુખાલા જેજીવાય | નાનાપોંઢા | ૮૯૮૦૮૦૩૯૫૩ | ૧૭.૦૬.૨૦૨૬/ બુધવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૧૮ | ૬૬ કે.વી. કાકડકોપર | ૧૧ કે.વી. કાકડકોપર એજી | નાનાપોંઢા | ૮૯૮૦૮૦૩૯૫૩ | ૧૭.૦૬.૨૦૨૬/ બુધવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૧૯ | ૬૬ કે.વી. અસ્ટોલ | ૧૧ કે.વી નગર જેજીવાય | કપરાડા | ૭૫૬૭૦૩૫૯૯૦ | ૧૭.૦૬.૨૦૨૬/ બુધવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૨૦ | ૬૬ કે.વી. સાહુડા | ૧૧ કે.વી. સુલીયા જેજીવાય | સુથારપાડા | ૯૯૦૯૯૩૭૫૨૯ | ૧૭.૦૬.૨૦૨૬/ બુધવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૨૧ | ૬૬ કે.વી. સાહુડા | ૧૧ કે.વી. આસ્લોણા જેજીવાય | સુથારપાડા | ૯૯૦૯૯૩૭૫૨૯ | ૧૭.૦૬.૨૦૨૬/ બુધવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૨૨ | ૬૬ કે.વી. સાહુડા | ૧૧ કે.વી. લીખવદ એ.જી. | સુથારપાડા | ૯૯૦૯૯૩૭૫૨૯ | ૧૭.૦૬.૨૦૨૬/ બુધવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૨૩ | ૬૬ કે.વી. સુથારપાડા | ૧૧ કે.વી. ફલી જેજીવાય. | સુથારપાડા | ૯૯૦૯૯૩૭૫૨૯ | ૧૭.૦૬.૨૦૨૬/ બુધવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૨૪ | ૬૬ કે.વી. સુથારપાડા | ૧૧ કે.વી. રાહોર જેજીવાય. | સુથારપાડા | ૯૯૦૯૯૩૭૫૨૯ | ૧૭.૦૬.૨૦૨૬/ બુધવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૨૫ | ૬૬ કે.વી. સુથારપાડા | ૧૧ કે.વી. માની એજી. | સુથારપાડા | ૯૯૦૯૯૩૭૫૨૯ | ૧૭.૦૬.૨૦૨૬/ બુધવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૨૬ | ૬૬ કે.વી. આંબા તલાટ | ૧૧ કે.વી. ખટાણા એજી | ધરમપુર-૨ | ૮૯૮૦૮૦૩૯૫૨ | ૧૭.૦૬.૨૦૨૬/ બુધવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૨૭ | ૬૬ કે.વી. આંબાતલાટ | ૧૧ કે.વી. મોટી ઢોલ ડુંગરી જેજીવાય | ધરમપુર-૨ | ૮૯૮૦૮૦૩૯૫૨ | ૧૭.૦૬.૨૦૨૬/ બુધવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૨૮ | ૬૬ કેવી મનાઈચોંડી | ૧૧ કેવી સોંદર જેજીવાય | ધરમપુર-૧ | ૮૯૮૦૮૦૩૯૫૦ | ૧૭.૦૬.૨૦૨૬/ બુધવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૨૯ | ૬૬ કેવી મનાઈચોંડી | ૧૧ કેવી જામલીયા એજી | ધરમપુર-૧ | ૮૯૮૦૮૦૩૯૫૦ | ૧૭.૦૬.૨૦૨૬/ બુધવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૩૦ | ૬૬ કે.વી. અસ્ટોલ | ૧૧ કે.વી એકલેરા જેજીવાય | કપરાડા | ૭૫૬૭૦૩૫૯૯૦ | ૧૮.૦૬.૨૦૨૬/ ગુરૂવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૩૧ | ૬૬ કે.વી. સુથારપાડા | ૧૨ કે.વી. બારપુડા જેજીવાય. | સુથારપાડા | ૯૯૦૯૯૩૭૫૨૯ | ૧૮.૦૬.૨૦૨૬/ ગુરૂવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૩૨ | ૬૬ કે.વી. સુથારપાડા | ૧૨ કે.વી. કાંસદા એજી. | સુથારપાડા | ૯૯૦૯૯૩૭૫૨૯ | ૧૮.૦૬.૨૦૨૬/ ગુરૂવાર | ૦૭:૦૦ થી ૧૧:00 કલાક |
| ૩૩ | ૬૬ કે.વી. અંભેટી | ૧૧ કે.વી. રાઇવાડિ જેજીવાય | નાનાપોંઢા | ૮૯૮૦૮૦૩૯૫૩ | ૧૮.૦૬.૨૦૨૬/ ગુરૂવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૩૪ | ૬૬ કે.વી. અંભેટી | ૧૧ કે.વી. સાઇ મંદિર એજી | નાનાપોંઢા | ૮૯૮૦૮૦૩૯૫૩ | ૧૮.૦૬.૨૦૨૬/ ગુરૂવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૩૫ | ૬૬ કે.વી. અસ્ટોલ | ૧૧ કેવી એકલેરા જેજીવાય | કપરાડા | ૭૫૬૭૦૩૫૯૯૦ | ૧૯.૦૬.૨૦૨૬/ શુક્રવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૩૬ | ૬૬ કે.વી.ધાણવેરી | ૧૧ કે.વી. તેરી ચિખલી જેજીવાય | સુથારપાડા | ૯૯૦૯૯૩૭૫૨૯ | ૧૯.૦૬.૨૦૨૬/ શુક્રવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૩૭ | ૬૬ કે.વી.ધાણવેરી | ૧૧ કે.વી. માલુંગી જેજીવાય | સુથારપાડા | ૯૯0૯૯૩૭૫૨૯ | ૧૯.૦૬.૨૦૨૬/ શુક્રવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૩૮ | ૬૬ કે.વી.ધાણવેરી | ૧૧ કે.વી. અસલકાંટી એજી | સુથારપાડા | ૯૯૦૯૯૩૭૫૨૯ | ૧૯.૦૬.૨૦૨૬/ શુક્રવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૩૯ | ૬૬ કે.વી. અંભેટી | ૧૧ કે.વી. નવોદય જેજીવાય | નાનાપોંઢા | ૮૯૮૦૮૦૩૯૫૩ | ૧૯.૦૬.૨૦૨૬/ શુક્રવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૪૦ | ૬૬ કે.વી. અંભેટી | ૧૧ કે.વી. સાદડવેરી એજી | નાનાપોંઢા | ૮૯૮૦૮૦૩૯૫૩ | ૧૯.૦૬.૨૦૨૬/ શુક્રવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૪૧ | ૬૬ કેવી પાનસ | ૧૧ કે.વી.અરણાઈ જેજીવાય | કપરાડા | ૭૫૬૭૦૩૫૯૯૦ | ૨૦.૦૬.૨૦૨૬/ શનિવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૪૨ | ૬૬ કેવી પાનસ | ૧૧ કે.વી. આમધા એજી | કપરાડા | ૭૫૬૭૦૩૫૯૯૦ | ૨૦.૦૬.૨૦૨૬/ શનિવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૪૩ | ૬૬ કે.વી. સાહુડા | ૧૧ કે.વી. કોલવેરા જેજીવાય. | સુથારપાડા | ૯૯૦૯૯૩૭૫૨૯ | ૨૦.૦૬.૨૦૨૬/ શનિવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૪૪ | ૬૬ કે.વી. સાહુડા | ૧૧ કે.વી. કરજુન એજી | સુથારપાડા | ૯૯૦૯૯૩૭૫૨૯ | ૨૦.૦૬.૨૦૨૬/ શનિવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૪૫ | ૬૬ કે.વી. સુથારપાડા | ૧૨ કે.વી. બારપુડા જેજીવાય. | સુથારપાડા | ૯૯૦૯૯૩૭૫૨૯ | ૨૦.૦૬.૨૦૨૬/ શનિવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૪૬ | ૬૬ કે.વી. સુથારપાડા | ૧૨ કે.વી. કાંસદા એજી. | સુથારપાડા | ૯૯૦૯૯૩૭૫૨૯ | ૨૦.૦૬.૨૦૨૬/ શનિવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૪૭ | ૬૬ કે.વી. સુથારપાડા | ૧૩ કે.વી. સુથારપાડા જેજીવાય. | સુથારપાડા | ૯૯૦૯૯૩૭૫૨૯ | ૨૦.૦૬.૨૦૨૬/ શનિવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૪૮ | ૬૬ કે.વી. કાકડકોપર | ૧૧ કે.વી .મોટાપોંઢા જેજીવાય | નાનાપોંઢા | ૮૯૮૦૮૦૩૯૫૩ | ૨૦.૦૬.૨૦૨૬/ શનિવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૪૯ | ૬૬ કે.વી. કાકડકોપર | ૧૧ કે.વી . કરાયા એજી | નાનાપોંઢા | ૮૯૮૦૮૦૩૯૫૩ | ૨૦.૦૬.૨૦૨૬/ શનિવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૫૦ | ૬૬ કેવી ધરમપુર | ૧૧ કેવી પિડવળ જેજીવાય | ધરમપુર-૧ | ૮૯૮૦૮૦૩૯૫૦ | ૨૦.૦૬.૨૦૨૬/ શનિવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૫૧ | ૬૬ કેવી ધરમપુર | ૧૧ કેવી બિલપૂડી એજી | ધરમપુર-૧ | ૮૯૮૦૮૦૩૯૫૦ | ૨૦.૦૬.૨૦૨૬/ શનિવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૫૨ | ૬૬ કેવી ધરમપુર | ૧૧ કે.વી. ધરમપુર ટાઉન-૧ અર્બન | ધરમપુર-૧ | ૮૯૮૦૮૦૩૯૫૦ | ૨૦.૦૬.૨૦૨૬/ શનિવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |

નોંધઃ સમારકામ પૂર્ણ થયેલી કોઈપણ પ્રકારની પૂર્વ સુચના આપ્યા સિવાય વીજ પ્રવાહ ચાલુ કરવામાં આવશે.

કાર્યપાલક ઇજનેર
વિભાગીય કચેરી, ધરમપુર

એમ.સી.બી./ઇ.એલ.સી.બી./આર.સી.સી.બી. લગાવી વીજળી ના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો.


# સુરત APMC ત્રીજા વર્ષે પણ રાજ્યમાં નંબર-1

**224 બજાર** સમિતિઓમાં પ્રથમ સ્થાન યથાવત

સુરતઃ સુરત ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ (APMC)એ ચેરમેન અને ધારાસભ્ય સંદીપ દેસાઈના નેતૃત્વમાં નાણાકીય વર્ષ 2025-26 દરમિયાન રૂ.5109 લાખની આવક સાથે સતત ત્રીજા વર્ષે સમગ્ર ગુજરાત રાજ્યમાં પ્રથમ ક્રમ જાળવી રાખીને હેટ્રિક સર્જી છે.

આ વર્ષે બજાર સમિતિનું કુલ વાર્ષિક ટર્નઓવર અંદાજે રૂ. 4,000 કરોડને પાર પહોંચ્યું હોવાનું જણાવવામાં આવ્યું છે, જે દક્ષિણ ગુજરાતના કૃષિ અને વેપાર ક્ષેત્ર માટે મહત્વપૂર્ણ સિદ્ધિ ગણાય છે.

### મેંગો પલ્પનૂ અમેરિકા સાત દેશોમાં એક્સપોર્ટની તૈયારીઓ: સંદીપ દેસાઈ



સુરત એપીએમસી (APMC) ના ચેરમેન સંદીપ દેસાઈના માર્ગદર્શન હેઠળ, 'ગ્રેડ વન' હાફૂસ કેરીમાંથી તૈયાર કરાયેલા મેંગો પલ્પનું યુએઈ, જર્મની, રશિયા, બ્રિટન, અમેરિકા, કેનેડા અને કોરિયા જેવા 7 દેશોમાં એક્સપોર્ટ કરવાની તૈયારી ચાલી રહી છે.

# આજથી ઓલપાડના વડોલીથી ખેડૂત અધિકાર યાત્રાનો પ્રારંભ

**14 જૂને** વડોલીથી ટ્રેક્ટર રેલીનો પ્રારંભ

**15 જૂને** અમદાવાદના શાંતિપુરા સર્કલથી ગાંધીનગર કૂચ

સુરત : કિસાન સંઘર્ષ સમિતિ ગુજરાત, કિસાન કોંગ્રેસ અને ખેડૂત સમાજ ગુજરાતના સંયુક્ત ઉપક્રમે ખેડૂતોના પ્રશ્નો અને હકોને લઈને બે દિવસીય "ખેડૂત અધિકાર યાત્રા" (ટ્રેક્ટર રેલી)નું આયોજન કરવામાં આવ્યું છે. આ યાત્રામાં મોટી સંખ્યામાં ખેડૂતો જોડાય અને પોતાની માંગણીઓ સરકાર સમક્ષ અસરકારક રીતે રજૂ કરી શકે તે માટે આયોજકોએ રાજ્યભરના ખેડૂતોને જોડાવાનું આહ્વાન કર્યું છે.

આયોજકોના જણાવ્યા મુજબ તા. 14 જૂન, 2026ના રોજ રવિવારે સવારે 9 વાગ્યે ઓલપાડ તાલુકાના વડોલી ગામ સ્થિત વડોલી વાંક ખાતેથી ટ્રેક્ટર રેલીનો પ્રારંભ થશે. ખેડૂતોને પોતાના ટ્રેક્ટર સાથે નિર્ધારિત સમયે હાજર રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

ટ્રેક્ટર યાત્રાનો પ્રથમ દિવસનો રૂટ વડોલીથી હિંગલા ચોકડી થઈને શીમળીયા ગામ સુધીનો રહેશે. શીમળીયા ખાતે બપોરના ભોજન બાદ યાત્રા પાલેજથી નડિયાદ પહોંચશે. રાત્રિ રોકાણ નડિયાદ નજીક આવેલા અરેણા ગામે કરવામાં આવશે.

યાત્રાના બીજા દિવસે તા. 15 જૂને સવારે અરેણાથી પ્રસ્થાન કરીને ખેડૂતો અમદાવાદના શાંતિપુરા સર્કલ ખાતે સવારે અંદાજે 10 વાગ્યા સુધી પહોંચશે. અહીં ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી આવનારા ખેડૂતો એકત્રિત થયા બાદ બપોરે 12 વાગ્યે કિસાન સંઘર્ષ સમિતિના માર્ગદર્શન હેઠળ ગાંધીનગર તરફ કૂચ કરવામાં આવશે. ખેડૂત સંગઠનોના આ સંયુક્ત આયોજનને લઈને દક્ષિણ અને મધ્ય ગુજરાતના અનેક વિસ્તારોમાં ખેડૂતોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# ખેરગામની નવી સરકારી લો કોલેજમાં પ્રવેશ અટવાયા

**આદિવાસી** વિદ્યાર્થીઓના ભવિષ્યને લઈ બાર કાઉન્સિલ સમક્ષ રજૂઆત

સુરતઃ નવસારી જિલ્લાના ખેરગામ ખાતે નવી શરૂ થયેલી સરકારી લો કોલેજમાં શૈક્ષણિક વર્ષ 2026-27 માટે પ્રવેશ પ્રક્રિયા અટકી પડતાં આદિવાસી અને આર્થિક રીતે નબળા વર્ગના વિદ્યાર્થીઓના ભવિષ્ય અંગે ચિંતા ઊભી થઈ છે. કોલેજને રાજ્ય સરકારની મંજૂરી અને યુનિવર્સિટીનું સંલગ્નતા મળ્યા છતાં બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાનું રજિસ્ટ્રેશન પોર્ટલ બંધ હોવાથી વિદ્યાર્થીઓ પ્રવેશ માટે અરજી કરી શકતા નથી.

આ મુદ્દે બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના સભ્ય એડ્વોકેટ ડો.ભાવેશ રબારીએ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાને પત્ર લખી રજિસ્ટ્રેશન પોર્ટલ ફરી શરૂ કરવાની માંગ કરી છે. તેમણે રજૂઆતમાં જણાવ્યું છે કે, ખેરગામ અને આસપાસના આદિવાસી વિસ્તારના અનેક વિદ્યાર્થીઓ માટે આ નવી સરકારી લો કોલેજ કાયદાકીય શિક્ષણ મેળવવાની મહત્ત્વપૂર્ણ તક બની શકે છે. ખેરગામની સરકારી લો કોલેજને રાજ્ય સરકાર તરફથી જરૂરી મંજૂરી મળી ચૂકી છે અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા પણ સંલગ્નતા આપવામાં આવી છે. જો કે, બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાનું રજિસ્ટ્રેશન પોર્ટલ 31 માર્ચે બંધ થઈ જતાં નવી કોલેજના વિદ્યાર્થીઓના રજિસ્ટ્રેશનની પ્રક્રિયા આગળ વધી શકી નથી. પરિણામે કોલેજ શરૂ થવા છતાં પ્રવેશ પ્રક્રિયા અટવાઈ ગઈ છે. ખેરગામ સહિત નવસારી જિલ્લાના આદિવાસી પટ્ટામાંથી અનેક વિદ્યાર્થીઓ કાયદાનો અભ્યાસ કરવા ઈચ્છે છે, પરંતુ શહેરોની ખાનગી કોલેજોમાં ઊંચી ફી અને રહેઠાણના ખર્ચને કારણે તેઓ માટે શિક્ષણ મેળવવું મુશ્કેલ બને છે. આવી સ્થિતિમાં સરકારી લો કોલેજ તેમના માટે ઓછી ફીમાં ઉચ્ચ શિક્ષણ મેળવવાનો વિકલ્પ બની છે. ડો.ભાવેશ રબારીએ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાને વિનંતી કરી છે કે વિદ્યાર્થીઓના શૈક્ષણિક હિતને ધ્યાનમાં રાખીને રજિસ્ટ્રેશન પોર્ટલને મર્યાદિત સમય માટે ફરી શરૂ કરવામાં આવે.

# એડ. ઝકી શેખની વીટી ચોકસી લો કોલેજનાં 5 ડિવિઝન મુદ્દે રજૂઆત

**બીસીઆઈ** ચેરમેન મનનકુમાર મિશ્રાની શુભેચ્છા મુલાકાત લેતાં બીસીજી સભ્ય એડ્વોકેટ ઝકી શેખ



સુરતઃ દિલ્હી ખાતે બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના ચેરમેન મનનકુમાર મિશ્રાની શુભેચ્છા મુલાકાત દરમિયાન બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના સભ્ય એડ્વોકેટ ઝકી મુખતિયાર શેખે વીટી ચોકસી લો કોલેજના પાંચ ડિવિઝનના મુદ્દે રજૂઆત કરી હતી. આ મુલાકાત વખતે બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના સભ્ય એડ્વોકેટ ઝકી મુખ્તિયાર શેખનું બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના ચેરમેન મનનકુમાર મિશ્રા દ્વારા પુષ્પગુચ્છથી સ્વાગત કરાયું હતું. આ મુલાકાત અંગે ઝકી શેખે જણાવ્યું હતું કે, વીટી ચોકસી લો કોલેજમાં અગાઉ પાંચ ડિવિઝન હતાં, જેમાં ૪૫૦ જેટલા વિદ્યાર્થી અભ્યાસ કરતા હતા. જેમાંથી ૪ ડિવિઝન રદ કરાયાં હતાં. કોલેજે બીસીઆઈને આ ડિવિઝન શરૂ કરવા અરજી કરી છે. આ અંગે કોલેજના ઈરમલાબેને દેસાઈએ મને રજૂઆત કરી હતી. જે મુદ્દે ચેરમેન મનનકુમાર મિશ્રાને કોલેજને પાંચ ડિવિઝન ફાળવી આપવા વિનંતી કરી હતી. બીસીઆઈ ચેરમેન મનનકુમાર મિશ્રાએ સકારાત્મક પ્રતિભાવ આપ્યો હતો.

# ભારે વરસાદ પડે તો પણ ટ્રેનોની રફતાર નહીં અટકે

**ચોમાસામાં** સિગ્નલ ફેલ્યોરની ઝંઝટમાંથી મુક્તિઃ 1860 સિગ્નલને વોટર પ્રૂફ કરાશે

**પાણી** ભરાવાની સમસ્યામાંથી છૂટકારો મેળવવા તંત્રની તૈયારી

સુરતઃ પશ્ચિમ રેલવેએ ચોમાસાની મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને સિગ્નલ સિસ્ટમને મજબૂત બનાવવા માટે વ્યાપક તૈયારીઓ કરી છે. આ વર્ષે રેલવે તંત્ર ૧,૮૬૦ સિગ્નલ ઉપકરણોને 'વોટરપ્રૂફ પ્લાસ્ટિક કવચ'થી સજ્જ કરવાનું કામ યુદ્ધના ધોરણે હાથ ધર્યું છે.

પશ્ચિમ રેલ્વે વિસ્તારમાં કુલ ૨,૪૭૪ સિગ્નલ ઉપકરણો છે, જેમાંથી ૧,૮૬૦ ઉપકરણો પર વિશેષ વોટરપ્રૂફ પ્લાસ્ટિક કવર લગાવવાની કામગીરી ઝડપથી ચાલી રહી છે. અનેક સેક્શનોમાં આ કામ પૂર્ણ થવાના આરે છે, જ્યારે બાકીના વિસ્તારોમાં પણ ટૂંક સમયમાં આ કામ પૂર્ણ કરવામાં આવશે.

ચોમાસા દરમિયાન સતત વરસાદ અને પાણી ભરાવાને કારણે સિગ્નલ બોક્સ, કેબલ નેટવર્ક અને ઈલેક્ટ્રિકલ સિસ્ટમમાં પાણી ઘૂસી જવાથી સિગ્નલ ફેઈલ થઈ જાય છે.

આના કારણે ટ્રેનો લાંબા સમય સુધી અટકી પડે છે અને મુસાફરોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. આ સમસ્યાને નિવારવા માટે જ પશ્ચિમ રેલવેએ આ માસ્ટર પ્લાન તૈયાર કર્યો છે.

પશ્ચિમ રેલવેના અધિકારીઓએ જણાવ્યું છે કે, આ વર્ષે ચોમાસામાં સિગ્નલ સંબંધિત ખામીઓમાં નોંધપાત્ર ઘટાડો થવાની અપેક્ષા છે, જેથી મુસાફરોને વધુ સારી અને સમયસર સેવા મળી શકે.

# ઓલપાડ સુગરમાં ચાર્જશીટ બાદ પણ ધરપકડ થઈ નથી!

**ચમરબંધ** આરોપીઓ સરકારી કાર્યક્રમોમાં છડેચોક હાજરી આપે છે, પણ ગૃહમંત્રીની પોલીસ ધરપકડ કરતા ડરે છે

### સભાસદોની હર્ષ સંઘવી સમક્ષ માંગણી

1. કાંઠા સુગર કેસમાં ચાર્જશીટ થયેલ તમામ આરોપીઓ સામે કાયદા મુજબ તાત્કાલિક ધરપકડ કરવાની કાર્યવાહી કરવામાં આવે. 2. કોઈપણ રાજકીય દબાણ અથવા પ્રભાવ વગર કાયદાનું સમાન અમલીકરણ સુનિશ્ચિત કરવામાં આવે. 3. આરોપીઓના અપ્રમાણસર મિલકત ની તપાસ થવી જોઈએ. 4. આરોપીઓ દેશ છોડીને ભાગી ન જાય તે બાબતે પણ કાર્યવાહી થવી જોઈએ. 5. ખેડૂતો અને સભાસદોના બચત થાફળ ,શેરનાં નાણા અને સરકારી નાણા વસૂલ કરવામાં આવે.

સુરતઃ ઓલપાડ કાંઠા સુગર મિલના કરોડો રૂપિયાના કથિત કૌભાંડમાં ગંભીર કલમો હેઠળ ગુનો નોંધાઈ ચાર્જશીટ દાખલ થઈ હોવા છતાં આરોપીઓની ધરપકડ ન થતાં અનેક પ્રશ્નો ઊભા થયા છે.

મળતી માહિતી મુજબ, ગુજરાત હાઈકોર્ટના આદેશ બાદ એક પૂર્વ ધારાસભ્ય, કાંઠા સુગરના પૂર્વ પ્રમુખ, પૂર્વ ઉપપ્રમુખ, હાલના ઓલપાડ તાલુકા પંચાયત સભ્ય, કાંઠા સુગર ઝોન સમિતિના પ્રમુખ, સુડાના પૂર્વ ચેરમેન સહિત કુલ 18 ડિરેક્ટરોને આરોપી બનાવવામાં આવ્યા છે. આરોપીઓ સામે વિશ્વાસઘાત, છેતરપિંડી, ખોટા દસ્તાવેજોની બનાવટ અને ગુનાહિત ષડયંત્ર જેવા ગંભીર આરોપો છે.

કાંઠા સુગરનાં સભાસદ અને સહકારી આગેવાન દર્શન નાયકના આક્ષેપ મુજબ, ચાર્જશીટ દાખલ થયાને લાંબો સમય વીતી ગયો હોવા છતાં આરોપીઓની ધરપકડ કરવામાં આવી નથી. આરોપીઓ પૈકી કેટલાક રાજકીય રીતે પ્રભાવશાળી હોદ્દાઓ સાથે સંકળાયેલા હોવાના કારણે કાર્યવાહી ધીમી પડી રહી હોવાની ચર્ચા પણ ચાલી રહી છે.

દર્શન નાયકે જણાવ્યું હતું કે, નાયબ મુખ્યમંત્રી અને રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવી દ્વારા કાયદા સમક્ષ સૌ સમાન હોવાનો દાવો કરવામાં આવે છે અને અન્ય રાજ્યોમાંથી પણ આરોપીઓને ઝડપી લાવવામાં આવે છે, ત્યારે ઓલપાડમાં જાહેર જીવનમાં સક્રિય રહેલા અને સરકારી બેઠકોમાં હાજરી આપતા આરોપીઓ સામે કાર્યવાહી કેમ થતી નથી.